જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૫/૦૯/૨૦૧૬ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૮૫/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૬ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી ૫૬૬ લીટર દેશી દારૂ, ૧૪ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૨૨ બીયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૭૭,૩૯૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૬૮૬/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૫ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## અપહરણ/બળાત્કારની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૬૮૭/૧૬

**મેઘાણીનગરઃ** મેઘાણીનગર વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષની તરૂણીના પિતાએ તા.૧૪/૯/૧૬ નારોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આશરે છ માસ પહેલાંથી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના ઘર નજીકથી આરોપી સની ઉર્ફે ગોદો વિનોદભાઇ પટણી (રહે.રામચંદ્ર કોલોની, ચેહર ડેકોરેશનની બાજુમાં, ચમનપુરા, મેઘાણીનગર) એ આરોપી દિનેશભાઇ પટણી તથા ભરતભાઇ પટણી નાઓની મદદગારીથી તરૂણીને લલચાવી ફોસલાવી, ભગાડી લઇ જતા તરૂણીએ તરૂણીના પિતાને ટેલીફોન ઉપર વાતચીત કરી હતી કે આરોપીએ તરૂણીને ગોંધી રાખી તરૂણીની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધ્યો હતો તેમજ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- ની માંગણી કરી, તરૂણીને જાનથી મારી નાંખવાની ધમકી આપી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.એસ.પુનડીયા ચલાવે છે.

## અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૬૮૮/૧૬

**વટવાઃ** વિમલસિંગ જગદીશસિંગ રાજપૂત (રહે,ગંગાનગર, વીંઝોલ રોડ, વટવા) એ તા.૧૪/૯/૧૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૭/૧૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી લક્ષ્મી ઉર્ફે અન્સુ (ઉ.વ.૧૬) ને આરોપી રમેશ (જેના પૂરા નામ સરનામાની ખબર નથી) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એચ.સરવૈયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૬૮૯/૧૬**

**અમરાઇવાડીઃ** વિનોદકુમાર મદનપ્રસાદ ગુપ્તા (રહે. લક્ષ્મીશેઠની ચાલી, મહાકાળી મંદિરની પાસે, ભીલવાડા અમરાઇવાડી) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૯/૧૬ રાતનાં ૧૧/૩૦ થી તા.૧૪/૯/૧૬ કલાક ૩/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન ઓશીકા નીચેથી ચાવી અને ફોન લઈ, અજાણી વ્યક્તિએ ઘરનું તાળુ ખોલી, પેટી પલંગમાંથી સોના-ચાંદીના દાગીના, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપીયા ૮૩,૩૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ઓ.એમ.દેસાઈ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૬૯૦/૧૬**

**વટવાઃ** શ્રવણકુમાર નંદલાલ શર્મા (રહે. મોંગીયા રોડવેઝ પ્રા.લી. ગણેશ નગર સામે, હરીયાણા હોટલની પાછળ, પીપળજ પીરાણા રોડ, વટવા) એ તા.૧૪/૯/૦૬ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૮/૧૬ રાતનાં ૧૧/૦૦ થી તા.૫/૮/૧૬ સવારનાં ૬/૦૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન વટવા પીપળજ મોંગીયા રોડવેઝ પ્રા.લી.ના ગોડાઉન સામે પાર્ક કરેલ ટ્રકની તાડપત્રી તથા દોરડું કાપી, અજાણી વ્યક્તિ ટ્રકમાંથી ગ્રાઇન્ડર કટર મશીનના કાર્ટુનો નંગ-૧૩૪ કુલ કિંમત રૂપિયા ૯,૫૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.ગોહીલ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૬૯૧/૧૬**

**શહેરકોટડાઃ** કિરણકુમાર નારણભાઇ રાઠોડ(ઉ.વ.૪૨) (રહે. લલ્લુ ભગવાનની ચાલી નરોડા ફાયર સ્ટેશન સામે નરોડા રોડ) એ અગમ્ય કારણસર તા.૧૩/૯/૧૬ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કતી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દીલીપકુમાર વસંતલાલ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)